# બિટકોઈન ઘટીને ૩૯ હજાર ડોલરની અંદર: એથેરિયમ બે ટકા તુટ્યો

**કેપિટલ સંવાદદાતા તા.૮**

બિટકોઈન એક સપ્તાહની નીચલી સપાટીથી ઉછળીને ૩૯,૦૦૦ ડૉલરની સપાટીની અંદર પહોંચ્યો છે. વૈશ્વિક સ્તરે કોમોડિટીના ભાવ વધી રહ્યા છે ત્યારે ક્રીપ્ટોકરન્સી ફુગાવા સામે હેજ તરીકે સારો વિકલ્પ હોવાનું રોકાણકારોનું માનવું છે. રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો ત્યારથી સમગ્ર વિશ્વના પુરવઠાતંત્ર પર વિપરીત અસર થઈ છે.

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૦.૪૫ ટકાનો ઘટાડો

સૌથી જૂની ક્રીપ્ટોકરન્સીનો ભાવ ચોવીસ કલાકના ગાળામાં આશરે એક ટકા ઘટીને ૩૮,૯૨૯ ડૉલરની આસપાસ પહોંચ્યો હતો. વ્હેલ્સ દ્વારા આ સૌથી જૂની ક્રીપ્ટોકરન્સીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો હોવાની આ સ્થિતિ વચ્ચે ઈથેરિયમ પણ ૨ ટકાની વૃદ્ધિ સાથે ૨,૫૮૫ ડૉલર ટ્રેડ થઈ રહ્યો હતો.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે બપોરે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૪૫ ટકા (૨૯૧ પોઈન્ટ) ઘટીને ૫૫૮૯૭ પોઈન્ટ બંધ રહ્યો હતો.